



સત્યમેવ જયતે

વિકસિત ભારત
વિકસિત ગુજરાત

ગુજરાતના પનોતા પુત્ર અને યશસ્વી વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદીના

વરદ્હસ્તે

# ₹૪૮,૦૦૦ કરોડના

## વિકાસકાર્યોની ભેટ





**₹૧૧૫૦૦ કરોડના ખર્ચે (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય) - ભારત સરકાર**

ગુજરાત - સૌરાષ્ટ્રના ગરીબ અને મધ્યમ વર્ગ સહિત તમામ વર્ગના નાગરિકો માટે AIIMS રાજકોટ થકી ઉપલબ્ધ થશે વૈશ્વિક કક્ષાની આરોગ્ય સેવાઓ. ઉપરાંત દેશના અન્ય ચાર રાજ્યોમાં પણ AIIMSનું લોકાર્પણ (AIIMS- કલ્યાણી (પશ્ચિમ બંગાળ), AIIMS મંગલાગિરિ (આંધ્રપ્રદેશ), AIIMS ભટિંડા (પંજાબ) અને AIIMS રાયબરેલી, ઉત્તર પ્રદેશ) PM-ABHIM, ફૂડ સેફટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર લેબોરેટરી, મેડિકલ કોલેજ સહિત વિવિધ કાર્યોનું લોકાર્પણ તેમજ PM-ABHIM, ECRP-II અંતર્ગત નવી આરોગ્ય સુવિધાઓ સહિત વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત

**₹૧૬૩૦૦ કરોડના ખર્ચે (વિદ્યુત મંત્રાલય) - ભારત સરકાર**

કચ્છ જિલ્લામાં ૬૦૦MW સોલાર પીવી પાવર પ્રોજેક્ટ, ૩૦૦MW સોલાર પાવર પ્રોજેક્ટ, ૨૦૦MW વિન્ડ પાવર પ્રોજેક્ટ તેમજ વિવિધ ટ્રાન્સમિશન પ્રોજેક્ટનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત

**₹૧૬૦૦ કરોડના ખર્ચે (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) - ગુજરાત સરકાર**

રાજકોટ ખાતે મેટરનલ એન્ડ ચાઈલ્ડ હેલ્થ હોસ્પિટલ તેમજ જિલ્લા હોસ્પિટલ - લુણાવાડા, પેટા જિલ્લા હોસ્પિટલ ડાકોરનું લોકાર્પણ અને વડોદરા ખાતે સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, OPD/IPD બિલ્ડિંગ - સુરત તેમજ જિલ્લા હોસ્પિટલ આણંદ સહિત વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

**₹૯૦૦૦ કરોડના ખર્ચે (પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય) - ભારત સરકાર**

ન્યુ મુન્દ્રાથી પાનીપત પાઈપલાઈન પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત

**₹૨૧૦૦ કરોડના ખર્ચે (રેલ મંત્રાલય) - ભારત સરકાર**

સુરેન્દ્રનગર-રાજકોટ રેલવે લાઈનનું ડબલિંગ અને ઇલેક્ટ્રિફિકેશન, સામખિયાળી - આદિપુર - ન્યુ ભૂજ રેલવે લાઈનનું ઇલેક્ટ્રિફિકેશન લોકાર્પણ તેમજ નલીયા-જખૌ પોર્ટ નવી રેલવે લાઈનનું ખાતમુહૂર્ત

**₹૫૦૦ કરોડના ખર્ચે (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ) - ગુજરાત સરકાર**

અમરેલી, પોરબંદર, રાજકોટના ૬૬ KV ના કુલ ૧૩ સબ-સ્ટેશન તેમજ સુરેન્દ્રનગર ખાતે ૪૦૦ KV સબ સ્ટેશનનું લોકાર્પણ

**₹૪૧૦૦ કરોડના ખર્ચે (રોડ અને પરિવહન મંત્રાલય તેમજ પોર્ટ એન્ડ શિપીંગ મંત્રાલય) - ભારત સરકાર**

ભાવનગર - તળાજા તેમજ પિપલી-ભાવનગર નેશનલ હાઈવેનું ફોર લેન અને વાઈડનિંગ પ્રોજેક્ટનું લોકાર્પણ અને સામખિયાળીથી સાંતલપુર નેશનલ હાઈવેના સિક્સ લેન પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત તેમજ કચ્છ નેશનલ હાઈવે ૧૪૧ ઉપર ઈન્ટરચેન્જ કમ ઓવરબ્રિજનું લોકાર્પણ

**₹૬૦૦ કરોડના ખર્ચે (પાણી પુરવઠા વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તેમજ પ્રવાસન વિભાગ) - ગુજરાત સરકાર**

ભાવનગર અને પોરબંદર જિલ્લાના રોડના વાઇડનિંગ કામોનું લોકાર્પણ તેમજ ભાવનગર અને અમરેલી જિલ્લાના ૨ લેન રોડના વાઇડનિંગ કામોનું ખાતમુહૂર્ત, અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લાના વિવિધ પાણી પ્રકલ્પો તેમજ કચ્છ જિલ્લાના ધોળાવીરા ખાતે પર્યટક સુવિધા પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત

**₹૨૩૦૦ કરોડના ખર્ચે (શ્રમ અને રોજગાર મંત્રાલય) - ભારત સરકાર**

કામદાર રાજ્ય વીમા નિગમ અંતર્ગત અલવર (રાજસ્થાન) અને બીહતા (બિહાર) ખાતે મેડિકલ કોલેજ અને હોસ્પિટલ સહિત ૯ રાજ્યોમાં ડિસ્પેન્સરી તેમજ મોડેલ ડિસ્પેન્સરી કમ ડાયગ્નોસ્ટિક સેન્ટરનું લોકાર્પણ

:: પ્રેરક ઉપસ્થિતિ ::

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**ડૉ. મનસુખભાઈ માંડવિયા**
માનનીય કેન્દ્રીય મંત્રી
આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા
રસાયણ અને ખાતર, ભારત સરકાર

**શ્રી સી.આર.પાટીલ**
માનનીય સંસદસભ્ય

:: વિશેષ ઉપસ્થિતિ ::

**શ્રી ઋષિકેશભાઈ પટેલ**
માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

**શ્રી કુંવરજીભાઈ બાવળીયા**
માનનીય મંત્રી, જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો, ગુજરાત

**શ્રીમતી ભાનુબેન બાબરીયા**
માનનીય મંત્રી
સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ, ગુજરાત

**શ્રી મુકેશભાઈ પટેલ**
માનનીય રાજ્યકક્ષાના મંત્રી
વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા, ગુજરાત

**શ્રી વજુભાઈ વાળા**
માનનીય પૂર્વ ગવર્નર, કર્ણાટક

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત

## રાજકોટના આંગણે ₹૪૮,૦૦૦ કરોડના

## લોકહિતનાં કામો રાષ્ટ્રને અર્પણ કરવાના વિકાસોત્સવની ઉજવણી

**તારીખ : ૨૫-૦૨-૨૦૨૪, રવિવાર, બપોરે ૦૩-૦૦ વાગે - સ્થળ : રેસકોર્સ મેદાન, રાજકોટ**

DD NEWS Live Telecast on DD NEWS

CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat

# દુઃખદ અવસાન / બેસણું



## અ.નિ. રમણીકભાઇ રામભાઇ મેઘજીભાઇ શેલડીયા (ઉ.વ.૬૪)
## સ્વ.તા.૨૨-૦૨-૨૦૨૪, ગુરૂવાર

દિલગીરી સાથે જણાવવાનું કે અ.નિ.રમણીકભાઇ શેલડીયા નું
તા.૨૨-૦૨-૨૦૨૪ ને ગુરૂવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

## -:: સદગતનું બેસણું ::-

તારીખ : ૨૬-૦૨-૨૦૨૪ ને સોમવારના રોજ
સમય : સવારે ૦૮:૦૦ થી ૧૧:૦૦ કલાકે
સ્થળ : ''ધર્મજીવન બાગ'', ગામ : મોટા સમઢીયાળા, તા.ખાંભા,
જી.અમરેલી મુકામે રાખેલ છે.

**લી.**

અક્ષય રમણીકભાઇ શેલડીયા
દુર્લભજીભાઇ મેઘજીભાઇ શેલડીયા
બાબુભાઇ મેઘજીભાઇ શેલડીયા
મનસુખભાઇ મેઘજીભાઇ શેલડીયા
કિરીટભાઇ દુર્લભજીભાઇ શેલડીયા
ભરતભાઇ દુર્લભજીભાઇ શેલડીયા

અલ્કેશભાઇ દુર્લભજીભાઇ શેલડીયા
કિશોરભાઇ મનસુખભાઇ શેલડીયા
તુષારભાઇ બાબુભાઇ શેલડીયા
ચિરાગભાઇ બાબુભાઇ શેલડીયા
પંકજભાઇ મનસુખભાઇ શેલડીયા
સુહાની, આયાંશ, આયના




અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૨૫-૨-૨૦૨૪ રવિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેકસઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,


જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ મહા વદ ૧ વર્ષ : ૨૮ અંક ૧૬૬

## પાંચથી પંદર વર્ષની વયના ચાલીસ જેટલા બાળકો માં- બાપની ભુલના કારણે એઈડસની સજા ભોગવી રહયા છે


# અમરેલી જીલ્લામાં એઈડસના દર્દીની સંખ્યા અઢીહજારને પાર પહોંચી

### ગુજરાત એઈડસ કંટ્રોલ સોસાયટી દ્વારા એઇડસના ૧૨૦૦ જેટલા દર્દીઓને વિનામુલ્યે દવા ઉપરાંત દવા લેવા આવવાનું ટીકીટભાડું પણ આપે છે

### એઈડસથી અસરગ્રસ્ત બાળકોને દિવાળીમાં ફટાકડા, હોળીમાં કલર - પીચકારી અને ઉતરાયણમાં પતંગ ચીકી જેવી વસ્તુઓ ફ્રી અપાય છે

National AIDS Control Organisation
India's response to HIV & Sexually Transmitted Infections
Ministry of Health & Family Welfare, Government of India
www.naco.gov.in





અમરેલી,
પુરી દુનિયામાં કોરોનાની મહામારી વચ્ચે લોકો જીવતા શીખી ગયા છે. અને છેલ્લે છેલ્લે હાર્ટ એટેકના એટેક બાદ યંગથી માંડી બુઝર્ગ સુધીના લોકો મેડીકલ ચેકઅપ કરવા માટે દોડતા થઈ ગયા છે. ત્યારે એઈડસ નામના આ રોગનો જે પગપેસારો દુનિયાભરમાં અને ભારતભરમાં જોવા મળી રહયો છે.ત્યારે અમરેલી જીલ્લામાં એઈડસની સંખ્યા અઢી હજાર કરતા વધારે સરકારીતંત્રમાં નોંધાઈ હોવાનું આધારભુત વર્તુળોમાંથી જાણવા મળી રહયું છે.

અમરેલીની સિવિલ હોસ્પિટલમાં એઈડસ જેવા રોગની સામે એ.આર.ટી.સેન્ટર કાર્યરત છે. અને એઈડસ કંટ્રોલ સોસાયટી દ્વારા ૧૨૦૦ જેટલા દર્દીઓને નિયમિતરૂપે દવાઓ અને ગામડેથી દવા લેવા આવવા જવાનું ટીકીટભાડું પણ ચુકવવામાં આવી રહયું છે.

ગુજરાત એઈડસ કંટ્રોલ સોસાયટી દ્વારા સરકારીતંત્રમાં નોંધાયેલા દર્દીઓને વિનામુલ્યે આ દવાઓ વિતરણ કરવામાં આવી રહી છે.અમરેલી જીલ્લામાં માં- બાપની ભુલનો ભોગ બનેલા પાંચથી પંદર વર્ષની વયના ૪૦ જેટલા બાળકો અસરગ્રસ્ત છે.જેમને એન.જી. ઓ. દ્વારા દિવાળીના તહેવારોમાં ફટાકડા, હોળીમાં કલર -પીચકારી અને ઉતરાયણમાં પતંગ ચીકીઓ આપીને બાળકોને ખુશ રાખવાનો પ્રયાસ એન.જી.ઓ. દ્વારા કરવામાં આવે છે.

અમરેલી જીલ્લામાં એઈડસના દર્દીઓને મદદરૂપ થવા માટે અમરેલી પીપલ્સ લીવીંગ વીથ એચ.આઈ.વી. નામનું સ્ટ્રકચર પણ બનાવવામાં આવેલ છે. જે એઈડસના દર્દીઓને મદદરૂપ થાય છે.

સરકારશ્રી દ્વારા એચ.આઈ.વી.ના દર્દીઓને મહીને રૂ/.૫૦૦ ની રોકડ સહાય તો આપવામાં આવે છે. ઉપરાંત સરકારશ્રીની અંત્યોદય કાર્ડ યોજનામાં તેમનો સમાવેશ કરવામાં આવતા આવા દર્દીઓને રેશનીગનું અનાજ અને ચીજવસ્તુઓ પણ આપવામાં આવી રહી છે. ઘણીવખત અમરેલી જીલ્લાના સારા માણસો પોતાના શુભ પ્રસંગો સમયે ઘણું દાન કરીને પુણ્ય કમાતા હોય છે. અનાથ આશ્રમ કે વિકલાંગ બાળકોને જમાડતા હોય છે. પણ અમરેલીના આવા ૪૦ જેટલા બાળકો જે કશા વાંક વગર માં- બાપની ભુલના કારણે આવા દર્દની સજા ભોગવી રહયા છે. તેવા આ બાળકોને પણ કંઈક મદદ કરવી જોઈએ. તેવું માનવતાવાદી એક વર્ગ ઈચ્છી રહયો છે.

MARUTI SUZUKI ARENA
VITARA BREZZA


Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી
(ઓથોરાઇઝ ડીલર)
લાઠી રોડ બાયપાસ
અમરેલી

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સૌનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ
નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે,
જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ,
માણેક સ્થંભની બાજુમાં,
લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જવેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

Hero
આ તહેવારોના શુભ અવસરે
આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
GIFT Grand Indian Festival of Trust

| HF Deluxe Motorcycle | Super Splendor Xtec | Destini125 (Not Prime) | Xoom & Pleasure |
|---|---|---|---|
| કેશ બોનસ ₹2100 | કેશ બોનસ ₹2100 | કેશ બોનસ ₹2100 | એક્ષચેન્જ બોનસ ₹3000 |

Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

જય ઉમિયા માતાજી ॐ નમો નારાયણ જય નાગનાથ મહાદેવ
94281 90118
યુવાનોને ક્રેઝી બનાવવાનું સરનામું એટલે...

ઉમિયા ફેશન
એક જ ભાવ
સાઈઝ S TO 5XL
લગ્ન સરાની સીઝનને અનુરૂપ પાર્ટીવેર કલેક્શન
◆ કોટન ટ્રાઉઝર ◆ કેઝ્યુઅલ શર્ટ ◆ જીન્સ
◆ ફેન્સી શર્ટ ◆ ટી-શર્ટ
તેમજ ટ્રેકપેન્ટની વિશાળ રેન્જ જોવા પધારો.
ફોર્મલવેરના સ્પેશ્યાલીસ્ટ
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)

અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું
હારમની વિકેન્ડ વિલા
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા

આ છે અહીંની વિશેષતાઓ...
- વિકટ્રીફાઇ ટાઇલ્સ
- સ્ટાન્ડર્ડ કવોલીટીમાં બાથરૂમ ફીટીંગ
- સ્ટાન્ડર્ડ બારી દરવાજા
- મેઇન ગેટે સિક્યુરીટી
- ગ્રેનાઇટ પ્લેટફોર્મ
- ૨૪ કલાક જનરેટરની સુવિધા
- આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
- સ્ટીલ ગ્રેલીંગ
- આર.સી.સી. રોડ
- સીસીટીવી કેમેરાથી સુસજ્જ

અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :-
સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ કલીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૯૬૯ ૦૩૫૩૩

શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સુવિધા :
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર આંખના નંબરની યોગ્ય તપાસ કરવાનું અતિ આધુનિક PHOROPTER TOPCON મશીન(જાપાન)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર મોતીયાના ઓપરેશન માટે આધુનિક OERTLI ફેકો મશીન (સ્વીઝરલેન્ડ)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર નેત્રમણી (LENS) નું માપ લેવા માટે DGH મશીન (અમેરીકા)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર VINYL FLOORING અને AIR PURIFIER થી સજ્જ અદ્યતન ઓપરેશન થીયેટર
- ઓપરેશન માટે ZEISS MICROSCOPE (જર્મની)
- ઝામરની તપાસ માટે I - CARE મશીન (ફીનલેન્ડ) અને AP-PLANATION મશીન (સ્પેન)
- આંખની સંપુર્ણ તપાસ માટે SLITLAMP TOPCON (જાપાન)
- આંખનું માપ લેવા માટે ઓટોમેટીક KR-1 (જાપાન) દરેક પ્રકારના મેડીકલેઇમની સુવિધા
- સ્પેશ્યલ તથા સેમી સ્પેશ્યલ રૂમની સુવિધા
- દવાઓ તથા આધુનિક ચશ્મા હોસ્પિટલમાં જ ઉપલબ્ધ

-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦

દરેક પ્રકારનાં વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝી કૂલર બનાવનાર...
SINCE 1999

ઓર્થો. ડીલર :
Haier VOLTAS Rockwell HI-FROST BLUE STAR
તુલસી રેફ્રીજરેશન
છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..
દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭

VHC પર્સનલ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ VHC

| યોજના | મુદલ | મુદત | મળવાપાત્ર |
|---|---|---|---|
| (૧) સુપર મેગા ઓફર | ૧૦૦૦૦૦ | ૧૪ માસ | ૨૦૦૦૦૦ |
| (૨) વન ટાઇમ ડિપોઝીટ | ૧૦૦૦૦૦ | ૩ વર્ષ | ૪૦૦૦૦૦ |
| (૩) મંથલી SIP | ૬૦૦૦૦ | ૫ વર્ષ | ૧૨૦૦૦૦ |
| (૪) ડેઇલી રીકરીંગ | ૩૬૫૦૦ | ૩૬૫ દિવસ | ૫૦૦૦૦ |

''વિશ્વાસ, પ્રોફીટ તમારા સફળતા અમારી''
ખાસ નોંધ : યોજના નં.૧ અને ૨ ઓછામાં ઓછુ ૫૦૦૦ કે ૧૦૦૦૦ થી રોકાણ કરી શકશો
વધુ માહિતી માટે સંપર્ક કરો
પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
એડ્રેસ :- મીરા આર્કેડ, પહેલા માળે, SBI બેંક સામે, લાઇબ્રેરી રોડ,અમરેલી
વિપુલ એચ.ચાવડા (એકાઉન્ટન્ટ) : મો.૯૮૭૯૮ ૮૪૯૭૯
પાર્થ વી.ચાવડા : મો.૯૩૨૮૪ ૭૯૦૭૮
સંપર્ક સમય : સાંજના ૪:૩૦ થી ૭:૩૦

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર
સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર
ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન
દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા
બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ
કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા
લેહ લદાખ
દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ

પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૫-૨-૨૦૨૪ રવિવાર

# ઈઝરાયેલને તાત્કાલિક હજારોની સંખ્યામાં ઊંચા ભાવે ભારતીય કામદારો જોઈએ છે

ગયા વર્ષે સાતમી ઓક્ટોબરે હમાસ સાથે યુદ્ધ ફાટી નીકળ્યા પછી, ઈઝરાયેલમાં પ્રવાસીઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો થયો હતો. એક દેશમાં જ્યાં દર મહિને સરેરાશ ત્રણ લાખથી વધુ પ્રવાસીઓ આવતા હતા, યુદ્ધ શરૂ થયાના બીજા જ મહિને નવેમ્બરમાં આ સંખ્યા ઘટીને માત્ર ચાલીસ હજાર થઈ ગઈ હતી. તેનું મુખ્ય કારણ એ છે કે ઈઝરાયેલ હંમેશા યુદ્ધના જોખમોથી સુરક્ષિત પ્રવાસન સ્થળ તરીકે જાણીતું હતું. ઈઝરાયેલ પર કદી કોઈ અચાનક હુમલો ન કરી શકે એવી માન્યતા હતી. ઈઝરાયેલની જાસૂસી સંસ્થા મોસાદ જગતમાં નંબર વન સ્પાય એજન્સી તરીકેની પ્રતિષ્ઠા ધરાવતી હતી. પરંતુ હમાસે કરેલા હુમલા પછી એ પ્રતિષ્ઠા રહી નથી.

દર વર્ષે અન્ય દેશોની મોટી સંખ્યામાં એરલાઈન્સ અહીં હજારો પ્રવાસીઓને લાવે છે. પરસ્પર આતંકવાદ અને હિંસા પ્રેરિત વિસ્થાપનની ઘટનાઓ હોવા છતાં, વિદેશી પ્રવાસીઓ ત્રણ અબ્રાહમિક ધર્મો સાથે સંકળાયેલા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવા માટે આકર્ષાય છે. પરંતુ હવે ત્યાં ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી રહી છે તેથી પરિસ્થિતિ ચોક્કસપણે હજુય વધુ ખરાબ થવાની છે. આવી સ્થિતિમાં ઈઝરાયેલની આ શરતો ઉત્તર ભારતમાં રોજગારની સ્થિતિને વર્ણવવા માટે પૂરતી છે. છેલ્લા મહિનાથી, ઉત્તર ભારતમાં હજારો મજૂરો અને બાંધકામ કામદારો નોકરીઓ માટે ઉચ્ચ શારીરિક જોખમ ધરાવતા દેશ ઈઝરાયેલ જવા માટે લાઈન લગાવી રહ્યા છે. જ્યાં આકાશમાંથી મોતનું તાંડવ ત્રાટકે છે ત્યાં ભારતીય ગરીબ કામદાર પોતાના નસીબ અજમાવવા દોટ મૂકી રહ્યો છે. આ પહેલી નજરે નવી નવાઈની વાત લાગે છે.

ઈઝરાયેલની વિનંતી પર, ઉત્તર પ્રદેશ અને હરિયાણાની સરકારોએ ઈઝરાયેલમાં ૧૦,૦૦૦ બાંધકામ કામદારોની ભરતી માટે જાહેરાતો બહાર પાડી છે, કારણ કે યુદ્ધને કારણે ત્યાં કામદારોની ભારે અછત છે. પ્રારંભિક તબક્કામાં, ઈઝરાયેલ સત્તાવાળાઓની દેખરેખ હેઠળ ૫,૦૦૦ કામદારોની ભરતી કરવામાં આવી રહી છે. ઈઝરાયેલ જવા ઈચ્છતા કેટલાક કામદારોએ કહ્યું કે યુદ્ધના જોખમો કરતાં, તેઓએ ઈઝરાયલ જેવા દેશમાં ચાર ગણું વેતન મેળવવાની સુવર્ણ તક જોઈ છે.

હરિયાણા અને ઉત્તર પ્રદેશ સરકારો દ્વારા કામદારોને ઈઝરાયેલ મોકલવાની કવાયત કેન્દ્ર સરકારના વ્યાપક પ્રોજેક્ટનો એક ભાગ છે. ભારત સરકાર આમાં પૂરેપૂરી સંડોવાયેલી છે. ભારત સરકાર ઉત્પાદન અને બાંધકામ ક્ષેત્રે કામદારોને સપ્લાય કરવા માટે વિવિધ દેશો (ગલ્ફ દેશો સિવાયના) સાથે કરાર કરવાની યોજના ધરાવે છે. આ યોજના હેઠળ ભારતે ૪૦,૦૦૦ કામદારોના સપ્લાય માટે ઈઝરાયેલ સાથે કરાર પણ કર્યો છે. આ કામદારો મુખ્યત્વે પેલેસ્ટાઈનના પશ્ચિમ કાંઠા અને ગાઝાથી આવતા કામદારોની જગ્યા લેશે, જેમની વર્ક પરમિટ યુદ્ધની શરૂઆતથી રદ કરવામાં આવી છે. ગ્રીસે પણ ભારતને ૧૦,૦૦૦ મોસમી કામદારોને ખેતરોમાં કામ કરવા મોકલવા વિનંતી કરી છે. ઈટાલી પણ નગરપાલિકાઓમાં કામ કરવા માટે કામદારોની શોધમાં છે. અને ભારત તરફ આશાભરી મીટ માંડે છે.

સરકાર આ સ્કીમ માટે પોતાની પીઠ પર થપથપાવી રહી છે, પરંતુ આ કોઈ નવો વિચાર નથી. ઈ. સ. ૨૦૦૭માં, ઓવરસીઝ ઈન્ડિયન અફેર્સ મંત્રાલય (સૈંછ) એ કુશળ અને અર્ધ-કુશળ કામદારોને કામ માટે અખાતી અને અન્ય દેશોમાં જવા માટે મદદ કરવા માટે નીતિઓ ઘડી હતી. આ નીતિ હેઠળ, તે સમયે સરકારે યુરોપ, દક્ષિણ-પૂર્વ એશિયા અને ઉત્તર અમેરિકામાં ભારતીય વ્યાવસાયિકોની અવરજવરની પ્રક્રિયાને સરળ બનાવવા માટે દ્વિપક્ષીય કરાર કરવાની યોજના તૈયાર કરી હતી. અગાઉની યુપીએ સરકારમાં સૈંછ એક અલગ મંત્રાલય હતું, જે ઈ. સ. ૨૦૧૪ માં નવી સરકાર સત્તામાં આવ્યા પછી વિદેશ મંત્રાલય સાથે મર્જ કરવામાં આવ્યું હતું. આ મંત્રાલયનો ઉદ્દેશ્ય વિદેશના વિધવિધ દેશોમાં ગેરકાયદે સ્થળાંતરને રોકવા અને ભારતીય સ્થળાંતરિત કામદારોની સુરક્ષા અને સહાયતા સુનિશ્ચિત કરવાનો હતો. એ અલગ વાત છે કે આ યોજના ફળીભૂત થઈ નથી.

આ સંદર્ભમાં, વર્તમાન સરકારની યોજનાની ખૂબ પ્રશંસા કરવામાં આવી રહી છે, કારણ કે આ દ્વારા, ભારતીયોને ન માત્ર નિશ્ચિત આવકની ખાતરી આપવામાં આવે છે પરંતુ તેમના માટે આજીવિકાની વધુ સારી તકો પણ ઉપલબ્ધ છે. આને એક વ્યવહારુ પગલું માનવામાં આવી રહ્યું છે, કારણ કે ભારતીય અર્થતંત્રમાં હાલમાં ઉભરતા કર્મચારીઓને મોટા પાયે વિદેશમાં મળતા પગારની સમાન વેતન ચૂકવવાની ક્ષમતાનો અભાવ છે. એ શક્ય પણ નથી. સૌથી મોટો મુદ્દો નૈતિકતાનો છે. અન્ય દેશોમાં બ્લ્યૂ કોલર કામદારો સાથે કેટલું ખરાબ વર્તન કરવામાં આવે છે તે હવે કોઈ રહસ્ય રહ્યું નથી. સહુ જાણે છે. જ્યારે કતારને ફૂટબોલ વર્લ્ડ કપના હોસ્ટિંગ અધિકારો મળ્યા ત્યારે પશ્ચિમી મીડિયા દ્વારા આ મુદ્દો ભારે ઉત્સાહ સાથે ઉઠાવવામાં આવ્યો હતો.

મોટાભાગના કિસ્સાઓમાં, જ્યાં કામદારોને વધુ વેતન આપવામાં આવે છે, ત્યાં માનવ અધિકારોના ઉલ્લંઘનના વધુ કિસ્સાઓ જોવા મળે છે. ઈ. સ. ૨૦૧૬માં તત્કાલીન વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે જેદ્દાહ કન્સ્ટ્રક્શન કંપની દ્વારા નોકરીમાંથી છૂટા કરાયેલા ભૂખ્યા અને તરસ્યા કામદારોની મદદ કરીને ઘણી હેડલાઈન્સ બનાવી હતી. ભયાવહ બેરોજગારો, ઓછા વેતન અને ગંભીર શોષણનો ભોગ બનેલા, જેઓ આવી નોકરીઓ મેળવવા માટે દલાલોને લાખો રૂપિયા ચૂકવે છે, તેઓ સારી રીતે સમજે છે કે વિદેશમાં તેમની સાથે કેવું વર્તન કરવામાં આવશે.

વિદેશમાં કામદારોના પુરવઠા માટે કેન્દ્ર સરકારની નવીનતમ યોજના ઘણા પ્રશ્નો ઉભા કરે છે. શું સરકારે એવી પ્રક્રિયાનો ભાગ બનવું જોઈએ કે જેના પર તેનું કોઈ નિયંત્રણ નથી અથવા ફક્ત સરકાર કહેવા ખાતર માત્ર બહારથી આંશિક રીતે પણ હસ્તક્ષેપ કરી શકે છે? આ મુદ્દો ખાસ કરીને ઈઝરાયલના પરિપ્રેક્ષ્યમાં વધુ સંવેદનશીલ બને છે, જ્યાં યુદ્ધ ફેલાઈ રહ્યું છે અને તેનું પરિણામ શું આવશે તે હજુ કહી શકાય તેમ નથી. અન્ય દેશો સાથે કરાર કરતી વખતે, શું સરકાર પણ એવા પગલાં લઈ રહી છે કે જેથી ત્યાંના કામદારોની સ્થિતિ નિયમિત રીતે જાણી શકાય? શું સરકાર સંબંધિત દેશમાં તેના કામદારો માટે કામ કરવાની પોતાની શરતો લાગુ કરવાની તાકાત ધરાવે છે? આખરે, મોટો પ્રશ્ન એ છે કે શું બે દેશો વચ્ચેના આવા શ્રમ કરારો રોજગારનો કાયમી ઉકેલ આપી શકે છે, જે ભારતમાં મોટો મુદ્દો છે?

જો આવા કરારો દ્વારા રોજગારીનો પ્રશ્ન ઉકેલાશે તેવી બાંહેધરી આપતા નથી, તો ભારત સરકાર વૈશ્વિક નોકરીની ભરતી માટે કોન્ટ્રાક્ટર બનવાનું જોખમ શા માટે નિભાવી રહી છે? જે દેશ વૈશ્વિક સ્તરે પોતાના માટે મોટી ભૂમિકા મેળવવા ઈચ્છે છે તેના માટે આ કોઈ અપેક્ષિત પરિસ્થિતિ નથી. વિદેશ મંત્રાલયે તેની વેબસાઈટ પર રજિસ્ટર્ડ રિક્રુટમેન્ટ એજન્ટ્સની નવીનતમ યાદી બહાર પાડી છે. તેમજ અનરજિસ્ટર્ડ બ્રોકરોને લાંચ આપવા બદલ ગંભીર પરિણામોની ચેતવણી આપવામાં આવી છે. વિદેશમાં સારી કારકિર્દીનું સ્વપ્ન જોનારા દલાલોની જાળમાંથી લોકોને બચાવવાની દિશામાં આ એક સારી પહેલ કહી શકાય. પરંતુ સરકાર ખુદ જેમાં મધ્યસ્થી કરીને કામદારોને વિદેશ મોકલે છે તેમાં પાછળથી કેટલું ધ્યાન આપી શકે છે એ તપાસનો વિષય છે.

## જિલ્લામાં અકાળે મોતના બનાવોમાં ચિંતા જનક વધારો

# અમરેલી જિલ્લામાં જુદા જુદા કમોતના બે બનાવો

### લાઠીના ધુફણણીયામાં પ્રૌઢનું ઝેરી દવા પી જતા અને વિજપડીમાં પરિણીતાનું વિજ શોક લાગતા મોત

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) અમરેલી જિલ્લામાં જુદા જુદા બે કમોતના બનાવો નોંધાયા હતાં. જેમાં લાઠીના ધુફણણીયામાં પ્રૌઢનું ઝેરી દવા પી જતા અને વિજપડીમાં પરિણીતાનું વિજ શોક લાગતા મોત થયાં હતાં. લાઠી તાલુકાના ધુફણીયા ગામે રહેતા હરેશભાઈ કાળુભાઈ જાદવ ઉ.વ.૪૮ને પત્નિએ છુટાછેડા લીધેલ હોય અને પોતાની કાંઇ કામ થઇ શકે તેમ ન હોય. જેથી કંટાળી જઈ પોતાને લાગી આવતા પોતાની મેળે વાડી જીરામાં છાંટવાની ઝેરી દવા પી જતાં દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજયાનું વિજયભાઈ કાળુભાઈ જાદવએ દામનગર પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે બિન્દયાબેન ધર્મેશભાઈ રાઠોડ ઉ.વ.૩૦ પોતાના ઘરે ફળીયામાં નાહવા માટે ચોકડીમાં સ્ટીલની ડોલમાં પાણી ભરી તેમાં ઈલેકટ્રીક હિટર મુકી ગરમ પાણી મુકેલ જે પાણી લેવા માટે જતાં વિજ શોક લાગતા પડી ગયેલ તેમને બચાવવા તેમના સાસુ તથા બે નણંદો ગયેલ અને તેમના સાસુએ પલગમાંથી પીન કાઢી લીધેલ તે દરમિયાન તેમના સાસુ અને બન્ને નણંદોને પણ સામાન્ય વિજ શોક લાગેલ જયારે બિંદયાબેનને સારવાર માટે રાજુલા શુભમ હોસ્પિટલમાં લઈ જતા સારવાર દરમિયાન મોત નિપજયાનું કિરીટભાઈ કાંતિભાઈ પરમાર સાવરકુંડલ રૂરલ પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

# સાવરકુંડલામાં જાહેરમાં બખેડો કરી જાહેરનામાનો ભંગ કર્યો

### જાહેર સુલેહ શાંતિનો ભંગ કરી ગુનો કર્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) સાવરકુંડલા નવા માર્કેટીંગ યાર્ડના ગેઈટ પાસે વસીમ અસરફભાઈ કુરેશી, સિરાજ સલીમભાઈ કુરેશી, સરફરાજ ઉર્ફે સર્જુ મહેબુબભાઈ કુરેશી, શાહરૂખ મહેબુબભાઈ કુરેશી, ઈરફાન યુનુસભાઈ બેલીમ જાહેરમાં મોટા અવાજેથી ઝઘડો કરી એક બીજા ઢીકાપાટુનો મારમારી તથા હાથમાં લાકડીઓ રાખી માર્કેટ યાર્ડમાં ખેડૂતો, મજુરો તેમજ અન્ય માણસો અવર-જવર કરતા રાહદારીઓની સુલેહ શાંતિનો ભંગ કરી હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની એએસઆઈ હમીરભાઈ કામળીયા સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલામાં સાત વર્ષની બાળાનું વાલીપણામાંથી અપહરણ કરાયું

### સાવરકુંડલાના જેજાદ ગામનો શખ્સ અપહરણ કરી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) રાજુલા જુના રેલ્વે સ્ટેશનના ગેઈટની સામે સાત વર્ષની વાળાને રમતી હોય તે દરમિયાન સાવરકુંડલા તાલુકાના જેજાદ ગામના જીતુ રવજીભાઈ ગોહિલ વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયાની બાળાના પિતાએ રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# રાજુલાના ચાંદલીયા ડુંગર નીચે ધાર્મિક જગ્યાના મકાનમાંથી એસી ચોરાઇ ગયું

### તાળા તોડી કોઇ શખ્સોએ રૂા. ૩૦ હજારની કિંમતનું એસી ચોરી ગય

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) રાજુલા ચાંદલીયા ડુંગર વાવેરા રોડ ઉપર તા.૧૫-૨ થી ૧૬-૨ ૧૧:૩૦ સુધીમાં જીવકુભાઈ બાબુભાઈ ધાખડાના કબ્જા ભોગવટાના ચાંદલીયા ડુંગર ઉપર આવેલ ખોડિયાર માતાજી તેમજ મામાદેવના ડુંગર નીચે બનાવેલ બેરૂમ હોલ વાળા મકાનના મેઈન દરવાજાનું તાળુ તોડી કોઈ તસ્કરોએ અંદર પ્રવેશી ધુણાવાળા રૂમમાં રાખેલ રૂપિયા ૩૦ હજારની કિંમતનું એસી કમ્પ્રેશર સહિતનું કોઈ ચોરી ગયાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદમાં સગીરાનું વાલીપણામાંથી અપહરણ કરાયું

### કોઇ અજાણ્યો શખ્સ અપહરણ કરી ગયાની જાફરાબાદ પોલીસમાં ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) જાફરાબાદમાં રહેતી સગીરાને કોઈ અજાણ્યો શખ્સ લલચાવી ફોસલાવી વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ગુનો કર્યાની સગીરાની માતાએ જાફરાબાદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલાના ગાધકડામાં મોબાઇલ ચોરાયો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે ધીરૂભાઈ કચરાભાઈ ધડુકના રહેણાંક મકાન ફળીયામાં અનિલકુમાર શિવલાલભાઈ પડશાળા ઉ.વ.૩૮ મુળ અંભરામપરા હાલ સુરત પોતાના મામાના ઘરે લગ્ન પ્રસંગે ગયેલ ત્યારે તેનો સેમસંગ કંપનીનો સીમ સાથેનો મોબાઈલ રૂા. ૨૪,૫૦૦ની કિંમતનો ફળીયાના દરવાજા ઉપર ચાર્જીંગ મુકેલ તે કોઈ ચોરી ગયાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ચલાલામાં ફોરવ્હીલ બાઇક સાથે અથડાતા ઇજા

### બાઇક સાથે અથડાવી જમણા પગમાં ફેકચર તથા ગંભીર ઇજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમરિપોર્ટર) ચલાલા સાવરકુંડલા રોડ ઉપર મંગળુભાઈ ભાણભાઈ બોરીચા ઉ.વ.૫૦ રહે. બવાડી હાલ સુરતવાળાની બાઈક સાથે ધારી તાલુકાના ઝર ગામના કિશન કેશુભાઈ રાણાવાડીયા પોતાના હવાલા વાળી સ્કોર્પિયો જી જે ૦૧ કેએફ ૯૩૮૧ ગફલત ભરી રીતે માનવ જીંદગી જોખમાઈ તે રીતે રીવર્સમાં ચલાવી બાઈક સાથે ભટકાવી મંગળુભાઈના જમણા પગમાં ગોઠણના ભાગે ફેકચર કરી ગંભીર ઈજા કરી પંજાના ઉપરના ભાગે ઈજા પહોંચાડયાની ચલાલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ડેડાણથી આઉટ પોસ્ટના એએસઆઇ શ્રી વાઢેરની બદલી થતાં ૨૧ ગામના લોકોમાં રોષ

### શ્રી વાઢેરના આવ્યા બાદ અસામાજિક પ્રવૃતિઓ બંધ થઇ ગયેલી



ડેડાણ, (બહાદુર અલી હિરાણી) ડેડાણ આઉટ પોસ્ટ પોલીસ મથકમાં ફરજ બજાવતા કમલેશભાઈ વાઢેરની બદલી થતાં ૨૧ ગામના લોકોમાં રોષ જોવા મળે છે. શ્રી વાઢેરે જમાદાર તરીકે પણ સુંદર કામગીરી કરી છે. ઉપરાંત ટુંકા સમયમાં ડેડાણ આઉટ પોસ્ટનું ગ્રામજનોના સહયોગથી રિનોવેશન કરી આઉટ પોસ્ટને નવી ઓળખ આપી હતી. તે પહેલા અનેક જમાદારો અહીંયા આવેલ પણ આવી કોઈ કામગીરીમાં રસ લેતું નહતું શ્રી વાઢેરે સુંદર કામગીરી કરી છે. હિન્દુ મુસ્લિમ તહેવારોમાં પણ સારી કામગીરી કરેલ છે. ડેડાણ આઉટ પોસ્ટ નીચેના ૨૧ ગામો છે તેમાં પણ સારી કામગીરી બજાવી લોકોની પ્રસંશા મેળવી છે. કોઈ ગામમાં ચોરી કે અસામાજિક પ્રવૃતિ જેવા બનાવો બનેલ નથી. આમ અસામાજિક તત્વો ભુર્ગભમાં જતાં રહેલા એવું પણ જાણવા મળ્યું છે કે આવા નિષ્ઠાવાન અને પ્રમાણિક એએસઆઈની બદલીથી આ વિસ્તારમાં ભારે રોષ ફેલાયો છે.

# સાવરકુંડલાના પાંધી પરિવારમાં શુભલગ્નોત્સવ

### પાંધી પરિવાર દ્વારા લગ્નોત્સવની ઉત્સાહભેર તૈયારી

સાવરકુંડલા, સાવરકુંડલાના પીઢ પત્રકાર સ્વ.નંદલાલભાઈ પાંધીની પૌત્રી અને અ. સૌ. અણાબેન તથા દીપકભાઈ નંદલાલભાઈ પાંધીની લાડકવાઈ સુપુત્રી ચિ. ડો. અમી ના શુભ લગ્ન રાજકોટ નિવાસી અ. સૌ. શ્રી જાગૃતીબેન તથા શ્રી સુરેન્દ્રભાઈ ભીખાલાલભાઈ માનસેતાના લાડકવાયા સુપુત્ર ચી. ચિંતન સાથે તારીખ ૨૬/૨/૨૦૨૪ ને સોમવારના રોજ સાવરકુંડલા લોહાણા મહાજન વાડી ખાતે સગા, સ્નેહીજનો ની વિશાળ હાજરી માં નિર્ધાયા છે. તારીખ ૨૫/૨/ના રવિવારના સાંજે ૪થી ૬ સાંજી ના ગીત, ૬/૩૦ કલાકે મંડપ મુહૂર્ત અને રાત્રે ૯ કલાકે દાંડીયારાસ ના કાર્યક્રમો યોજાયા છે જયારે સોમવારના રોજ લગ્ન સમારંભ યોજાશે સમગ્ર પ્રસંગમાં પાંધી પરિવારના આમંત્રણ ને માન આપીને સંતો, મહંતો, રાજકીય, સામાજિક આગેવાનો હાજર રહી પ્રભુતામાં પગલા પાડતા નવદંપતીને શુભ આશીર્વાદ પાઠવશે.

# અમરેલીમાં માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં વિશ્વ માતૃભાષા દિવસની યાદગાર ઉજવણી કરાઇ

### જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા કોલેજનું આયોજન



અમરેલી,તા.૨૧/૦૨/૨૦૨૪ના રોજ વિશ્વ માતૃભાષા ગૌરવદિનના આ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યની સાહિત્યિક સંસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રસારિત વૈવિધ્યસભર કાર્યક્રમને નિહાળવાનો લાભ સૌને મળ્યો હતો. ગુજરાતના ઉત્તમ વિદ્વાન વક્તાઓ, ગાયકો, પત્રકારો અને સાહિત્યકારોને માણવાનો, સાંભળવાનો લાભ પણ મળ્યો હતો. આ કાર્યક્રમૃમાં પ્રેરણાદાયી ઉપદેશપ્રધાન વાર્તા, ભાનુશંકર પંડયાની વાર્તા અને ભાઈ બહેનના અતૂટ પ્રેમની વાત રજૂ કરતી, માનવીય સઘંબને મજબૂત બનાવતી કિસનસિંહ ચાવડ પના ચરિત્ર નિબંધ અમૃતા'' વિશે ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન પ્રા.ડો.મહેન્દ્રસિંહ પરમાર દ્વારા અસરકારક શૈલીમાં વાર્તા કથન કરીને સૌના માટે પ્રેરણાદાયી બની રહયો હતો. કાર્યક્રમનો પ્રારંભ સર્વધર્મ પ્રાર્થનાથી થયો હતો. કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલશ્રી ડો.બી.આર .ચુડાસમાએ માતૃભાષાની મહતા, ગૌરવ અંગે અસરકાર પ્રવચન આપ્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ઈન્ચાર્જ પ્રિન્સિપાલશ્રી, પ્રા.ડો.ગીરીશભાઈ વેલિયત, પ્રા.જેમીનભાઈ જોષી તથા સમગ્ર સ્ટાફે સહયોગ આપ્યો હતો. સમગ્ર સ્ટાફ અને વિશાળ સંખ્યામાં વિદ્યાર્થિનીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન ગુજરાતી વિભાગના પ્રા.ડો.અરૂણાબેન પટેલે કર્યુ હતું.

# વડિયા તાલુકા પો. સ્ટે. માં નોંધાયેલા પોકસોના કેસમાં ત્રણ આરોપીઓનો નિર્દોષ છુટકારો

### આરોપીઓ તરફે ઓડવોકેટશ્રી જે. આર. સૈયદ અને એસ. વાય. બિલખીયાની ધારદાર દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી



અમરેલી, વડિયા તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોકસોના ગુનાનો કેસ અમરેલીની સ્પેશ્યલ પોકસો કોર્ટમાં ચાલી જતાં ત્રણ આરોપીઓનો નિર્દોષ છુટકારો થયેલ છે. વર્ષ ૨૦૨૧માં વડિયા પોલીસ સ્ટેશનમાં આઈપીસી ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૩(૩) અને પોકસો એકટ મુજબ ગુના દાખલ થયેલો તે કેસ અમરેલીની સ્પેશ્યલ પોકસો કોર્ટમાં ચાલી જતાં મુખ્ય આરોપી નામેરી ઉર્ફે અજય મકવાણા સહિત ત્રણેય આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે. આ કેસમાં આરોપીઓ તરફે એડવોકેટ જે.આર. સૈયદ, એસ.વાય.બીલખીયાએ કરેલી ધારદાર દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી તમામને નિર્દોષ જાહેર કર્યા છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૨૫.૨.૨૦૨૪ રવિવાર ,સંવંત ૨૦૮૦, મહા વદ એકમ, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, સુકર્મા યોગ , બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે.

### આગામી માર્ચ માસ મહત્વની ઘટનાઓથી ભરપૂર રહેશે

માર્ચ માસમાં મહત્વના ગ્રહોની હલચલ સમજીએ તો ગ્રહોના રાજા સૂર્ય મહારાજ ૧૪ માર્ચે મીન રાશિમાં પ્રવેશ કરશે અને રાહુ સાથે ગ્રહણ યોગમાં આવશે તો મંગળ મહારાજ ૧૫ માર્ચે કુંભ રાશિમાં પ્રવેશ કરશે જ્યાં શનિ સાથે યુતિમાં આવશે અને સ્ફોટક યોગની રચના કરશે વળી શનિ મહારાજ ઉદય થતા બંને બળવાન બનશે વળી ૨૫ માર્ચના ઉપછાયા ચંદ્ર ગ્રહણ આવી રહ્યુંછે (જ્યારે પૃથ્વીનો પડછાયો ચંદ્ર પર સીધો પડતો નથી, ત્યારે તેને ઉપચ્છાયા ચંદ્રગ્રહણ કહેવામાં આવેછે) આ બધી મહત્વની ઘટનાઓ માર્ચમાં બનવા જઈ રહી છે વળી શનિ મંગળ



સ્ફોટક યોગ અને સૂર્ય રાહુ ગ્રહણ યોગ બનવા જઈ રહ્યા છે જે સૂચિત કરેછે કે ઘણા દેશો આંતરિક વિગ્રહની સ્થિતિ સામે ઝુઝતા જોવા મળશે વળી સીમા પર તકેદારી વધારવી પડશે ભારત વિશ્વ સ્તરે તેની વિવિધ એજન્સીઓ દ્વારા આતંકીઓને ઠાર કરતો જોવા મળશે પરંતુ ઘરઆંગણે આંદોલનો તેજ થશે ખાસ કરીને હાલ ચાલી રહેલા આંદોલન વિકરાળ સ્વરૂપ ધારણ કરતા તથા મજબૂરીમાં સરકારને પણ કેટલાક કડક પગલાં ભરવા પડે અને સરકારી મિલ્કતોને નુકસાન થતું જોવા મળે વળી આ બાબતોમાં બહારની કેટલીક શક્તિઓ પણ હાથો બનતી જોવા મળે અને આ આંદોલનો કૈક અલગ જ સ્વરૂપ ધારણ કરતા આ સમયમાં જોવા મળશે!

મેષ (અ,લ,ઈ) : આવકમાં મધ્યમ રહે ,આકસ્મિત લાભ થાય, ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શકો, પ્રગતિકારક દિવસ.
વૃષભ (બ,વ,ઉ) :સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતને સારું રહે, આગળ વધવાની તક મળે, શુભ દિન.
મિથુન (ક,છ,ઘ) : નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો, મિત્રોની મદદ મળી રહે ,પ્રગતિકારક દિવસ .
કર્ક (ડ,હ) : માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, નેગેટિવ વિચારો આવે, મધ્યમ દિવસ.
સિંહ (મ,ટ) : અંગત જીવનમાં સારું રહે, સામાજિક રીતે આગળ વધી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.
કન્યા (પ,ઠ,ણ) : જુના હઠીલા રોગ થી સાવધાન રહેવું, વધુ પડતી ચિંતાઓ ટાળવી, પરેજી પાલવ સલાહ છે .
તુલા (ર,ત) : સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, કૌટુંબિક પ્રશ્નો ઉકેલી શકો, શુભ દિન .
વૃશ્ચિક (ન,ય) : નવા આયોજનો વિચારી શકો ,તમારા શોખ માટે સમય કાઢી શકો, દિવસ આનંદ માં પસાર થાય.
ધન (ધ,ભ,ફ,ઢ): ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદ મળી રહે, નવા સંબંધોમાં સારું રહે, યાદગાર દિવસ.
મકર (ખ,જ) : આર્થિક બાબતો માં મધ્યમ રહે, વાણી વર્તન માં કાળજી લેવી, સત્ય કહેવાની રીત પણ બદલવી પડે.
કુંભ (ગ,સ,શ ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા મેળવી શકો .
મીન (દ,ચ,ઝ,થ): ખર્ચ પર અંકુશ રાખવો, નાણાકીય આયોજન કરવું જરૂરી બને, યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બને છે.

# ચલાલામાં સગીરાને ભગાડી જનારને સગીરા સાથે શોધી કાઢતી પોલીસ

### છેલ્લા એક માસથી આરોપી નાસતો ફરતો હતો



